ગાંધીનગર સમાચાર

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૧૫મીથી પુનઃ આરંભાશે

કેવડા ત્રીજનું પૂજન - કેવડા ત્રીજના વ્રતનું પૂજન સૌભાગ્યવતી મહિલાઓએ રવિવારે ભાવપૂર્વક કર્યું હતું... શહેરમાં પંચદેવ મંદિર સહિતના મંદિરોમાં પૂજન-અર્ચનનું આયોજન કરાયું હતું...

આજથી શહેર ગણેશભક્તિથી તરબોળ થશે

શહેરમાં આજે વિવિધ સેકટરોમાંથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકળશે : બેન્ડવાજા અને ડી જેના સુર સાથે શોભાયાત્રાનુ ભવ્ય સ્વાગત થશે : શહેરના સેકટરોમાં ગણેશભક્તિનો રંગ નિખરશે : વિવિધ સ્થાનો પર ગણેશોત્સવની ભવ્ય ઉજવણી : ગણેશોત્સવની અલ્ટ્રામોર્ડન ઉજવણીમાં ભક્તિ રસની સાથે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે

ગાંધીનગર તા ૪

આજથી શહેર ગણેશ ભક્તિના રંગે રંગાશે. ગણપતિ બાપા મોરીયા..ના જયઘોષથી સેકટરોની માટે ઉત્સુક બન્યા છે. સેકટરોમાં ગણેશોત્સવની ઉજવણી અન્વયે રંગારંગ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં વિવિધ નાદ સાથે સેકટરોમાંથી વિઘ્નહર્તાની ભવ્ય શોભાયાત્રા પણ આકર્ષણનુ કેન્દ્ર બનશે.

શહેરમાં નવરાત્રિની જેમ જયારે જયારે મુખ્ય પાંચ ઠેકાણે ગણેશોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓને અલ્ટ્રામોર્ડન ઓપ આપવામાં આવ્યો છે. વરસાદને ધ્યાને લઈ વોટર પ્રુફ ડોમ વચ્ચે ગણેશોત્સવ માટે મંડપને પણ વિશેષ રીતે સુશોભિત કરવામાં આવ્યા છે. સે-૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સે-૬ ડી ખાતે ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજિત ગણેશોત્સવની ઉજવણી અન્વયે

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોમાં શ્રીજીની પુજા અર્ચના સાથે રાસગરબા, સુંદરકાંડ, નાટક લોકનૃત્યો, યોગ નિદર્શન, ગીતસંગીત, ભજન, હાસ્ય ડાયરો, જાદુનો શો સહીતના વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાશે

શેરીઓ ગુંજી ઉઠશે.ભગવાન વિઘ્નહર્તાની પુજા આરાધનાથી આજથી શહેરમાં અનોખો આધ્યાત્મિક માહોલ જોવા મળશે. ગણેશભક્તિમાં કોમી એખલાસના માહોલ વચ્ચે ભક્તિરસની સાથે કલા અને સંસ્કૃતિનો સમન્વય જોવા મળશે. નગરજનો ગણેશોત્સવની ઉજવણી ૧૦ જેટલા સ્થળોએ ગણેશોત્સવની અલ્ટ્રામોર્ડન ઉજવણી કરાશે. ગણેશોત્સવની ભવ્ય ઉજવણી દરમિયાન ભક્તિવંદના સાથે સાંસ્કૃતિક વૈવિધ્ય પણ જોવા મળશે. દુંદાળા ગણેશજીની કૃપા દ્રષ્ટી પામવા ભાવિકા ભક્તિરસમાં તરબોળ થયેલા જોવા મળશે જય ગણેશના થનગનાટ જોવા મળી રહયો છે. નગરમાં વિવિધ ૧૦ ઠેકાણે ગણેશોત્સવની ભવ્ય ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગણેશોત્સવની ઉજવણી પણ સંસ્થાકીય રીતે વૈભવી બની છે. ભગવાન ગણેશજીની પુજા ભક્તિને અનુલક્ષી ભાવિકોમાં અનોખો તૈયારીઓને અલ્ટ્રામોર્ડન ઓપ આપવામાં આવ્યો છે. વરસાદને ધ્યાને લઈ વોટર પ્રુફ ડોમ વચ્ચે ગણેશોત્સવ માટે મંડપને પણ વિશેષ

જિલ્લાના ૧૩૦ ગામોના પાણીમાં ફ્લોરાઈડ નાઈટ્રેડ જેવા ક્ષારોના પ્રમાણની માત્રા વધુ

નર્મદાનું પાણી આ ગામો મેળવે તે માટે આગામી સપ્તાહમાં સરપંચો સાથે તંત્ર બેઠક યોજાશે : પાણી પુરવઠા બોર્ડનો ચોકાવનારો અહેવાલ : ભૂગર્ભ જળનું દોહન અટકાવવા નર્મદાની માઈનોર કેનાલનું કામ પણ ગતિમાં : જિલ્લાના ચારેય તાલુકાના આ ગામો નર્મદાનું પાણી લેતા નથી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ૧૩૦ ગામોના પેયજળના પુરવઠામાં ફ્લોરાઈડ, નાઈટ્રેટ જેવા ક્ષારોનું પ્રમાણ વધુ માત્રામાં જણાયુ હોવાની ચોંકાવનારી હકીકતો પાણી પુરવઠા બોર્ડે જિલ્લાતંત્રને આપેલા એક અહેવાલમાં જણાવાઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નર્મદાના પાણી માટેનું નેટવર્ક તૈયાર હોવા છતાં ૧૩૦ જેટલા ગામો આ નેટવર્કમાંથી પાણી લેવાનો ઈન્કાર કરી રહ્યા છે અને તંત્રએ પણ આ ગામોના સરપંચો સાથે ૧૫ સપ્ટેમ્બર સુધીમાં બેઠક કરવાનું આયોજન પણ હાથ ધર્યું છે.

જિલ્લો આમેય વધુ પડતુ ભૂજળનું ખેંચાણ કરતા જિલ્લાની યાદીમાં આવે છે અને વધુ પડતા ભૂગર્ભ જળનું ખેંચાણ થતાં આવા ક્ષારોનું પ્રમાણ વધુ પડતી માત્રામાં મળતાં આરોગ્યના પ્રશ્નો વધવાની સંભાવનાઓ રહેલી છે.

ગાંધીનગર જિલ્લામાં જી-૧, જી-૨, જી-૩ તેમજ એમ-૧ યોજના અંતર્ગત નર્મદાના નીર પહોંચાડવાનું નેટવર્ક તૈયાર કરવામાં આવેલ છે. પણ આ ૧૩૦ ગામો આ પાણી લેવા માટે સતત ઈન્કાર કરી રહ્યા છે. દહેગામના ૫૭, ગાંધીનગરના ૪૨ અને માણસાના ૪ ગામો ઉપરાંત કલોલના પણ કેટલાક ગામો આ પાણી લેવાનો ઈન્કાર કરી રહ્યાનું જાણવા મળેલ છે.

તાજેતરમાં જ પાણી પુરવઠા વિભાગે પેયજળના લીધેલા નમૂના પરીક્ષણના અહેવાલની વિગતો આપતાં આવેલી ચોંકાવનારી હકીકતો પ્રમાણે આ બધા ગામોમાં ફ્લોરાઈડ અને નાઈટ્રેડ જેવા ક્ષારોનું પ્રમાણ વધુ માત્રામાં જણાયેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે અગાઉ કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ પણ માણસા પંથકને કેટલાક ગામોને લઈ એક ચોંકાવનારો સંશોધનાત્મક અહેવાલ જિલ્લા તંત્રને આપ્યો હતો.

જિલ્લામાં ભૂગર્ભ જળનું વધુ પડતુ દોહન અટકે તે માટે તંત્રએ હવે નવી વ્યુહરચના તૈયાર કરવાની કવાયત હાથ ધરી છે. નર્મદાનું પાણી પણ આ ગામો મેળવે તેના પર ધ્યાન કેન્દ્રીત પ્રથમ તબક્કામાં કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

નયનરમ્ય આંગી - શહેરના દેરાસરોમાં પર્યુષણ પર્વના અંતિમ ચરણમાં ભાવભક્તિનો માહોલ છવાયો છે... ભગવાનની આંગી નયનરમ્ય કરાઈ છે.

કલોલમાં ૭મીથી કુપોષણ મુક્તિનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે વધુ એક પાયલોટ પ્રોજેક્ટ આગામી ૭ સપ્ટેમ્બરથી કલોલ તાલુકામાં અમલી બનશે.

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી અને સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી હાથ ધરવામાં આવનાર આ પાયલોટ પ્રોજેક્ટ હોમિયોપેથી તબીબી સારવાર પદ્ધતિ આધારિત છે. આ માટે અંદાજે રૂ. ૫૦ હજાર જેટલો ખર્ચ થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં કુપોષિત બાળકો અંગેના સર્વેની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. કલોલમાં થોડાક વધુ પ્રમાણમાં કુપોષિત બાળકો જણાયા છે અને તેથી આ તાલુકામાં જ પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે હોમિયોપેથીની સારવાર કુપોષિત બાળકોને સતત ત્રણ મહિના સુધી વિના મૂલ્યે આપવામાં આવશે. આ પછી તેનું સર્વેક્ષણ કરી અને અહેવાલ તૈયાર કરવામાં આવશે. જેના પરિણામોને આધારે આવા જિલ્લામાં પ્રોજેક્ટ અમલી બનાવવો કે કેમ તેનો નિર્ણય લેવામાં આવશે.

જિલ્લામાં અગાઉ આયુર્વેદ શાળા દ્વારા દહેગામ તાલુકામાં આયુર્વેદ બિસ્કીટ આંગણવાડીના બાળકોને આપી અને સારો પ્રતિસાદ અને સારા પરિણામો બાદ હવે હોમિયોપેથી પદ્ધતિથી કુપોષણ મુક્તિનો પાઈલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગે પુરતી તૈયારીઓ થઈ ચુકી છે. જિલ્લામાં કુપોષણ સામેનો જંગ લડવા માટે અગાઉ કેલક્ટરે બધા અધિકારીઓને આંગણવાડીના આવા બાળકોને દત્તક લેવા માટે પણ સૂચવ્યુ હતુ. હવે તંત્ર દ્વારા સામુહિક અભિગમથી આ પાયલોટ પ્રોજેક્ટમાં આગળ વધશે.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૧૫મીથી પુનઃ આરંભાશે

મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે નવા મતદારોને તક રહેશે : ૧૪મી ઓક્ટોબર સુધી સુધારા કાર્યક્રમ ચાલશે

ગાંધીનગર, તા.૪

રાજય ચૂંટણીપંચ દ્વારા આગામી પંદરમી સપ્ટેમબરથી મતદારયાદી સુધારણા કાર્યક્રમનો આરંભ કરવામાં આવનાર છે.આ કાર્યક્રમ દરમ્યાન નવા મતદારો પોતાના નામ પણ મતદારયાદીમાં સમાવવા માટેની કાર્યવાહી કરી શકશે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ,રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા એક કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ, આગામી પંદરમી સપ્ટેમ્બરથી ૧૪મી ઓકટોબર સુધીના સમયગાળામાં મતદારયાદીમાં નામ નોંધાવવા,રદ કરાવવા, કોઈના નામ સામે વાંધો લેવા, અને નામ તથા અન્ય વિગતો સુધારવાની કાર્યવાહી કરી શકાશે.આ ઉપરાંત જે મતદારોએ ૧લી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ ૧૮ વર્ષ કે તેનાથી વધુ ઉંમર હોય અને નામ મતદારયાદીમાં નામ ન હોય એવા મતદારો તેમના કલર ફોટો સાથે અને અન્ય પુરાવા સાથે ફોર્મ નંબર-૬ ભરશે તો તેમના નામનો મતદારયાદીમાં સમાવેશ કરવામાં આવશે.આમ કરવાથી મતદારયાદીમાં નામની સાથે ફોટો પણ આવી જશે..મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે ફોર્મ નંબર-સાત ભરવાનું રહેશે.નામ અને અન્ય વિગતો સુધારવા માટે ફોર્મ નંબર-આઠ ભરવાનું રહેશે.એક જ વિધાનસભામાં એક સ્થળેથી બીજા સ્થળે નામ લઈ જવા માટે ફોર્મ નંબર-આઠ(ક) ભરવાનું રહેશે.આ ઉપરાંત સરકારીની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન અરજી પણ કરી શકાશે.આ ઉપરાંત ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૯મી ઓકટોબરને રવિવારના રોજ સવારે ૧૦થી સાંજના ૬ સુધી ખાસ કાર્યક્રમ હેઠળ મતદાનમથકોએથી આ પ્રકીયા હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત હેલ્પલાઈન નંબર-૧૯૫૦ ઉપરથી મતદારોને વધુ વિગતો આપવામાં આવશે.

નોટીસ

સાંચા કામ સબબે, તારીખ ૬/૯/૨૦૧૬ મંગળવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૪.૦૦ કલાક સુધ બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) ઈન્ફોસિટી ટાવર-૨ ટ્રાન્સફોર્મર-૧ સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
DECOR Live beautiful · DC TEX FURNISHINGS · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

મંડપ કેટરીંગ લાઈટીંગ ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અંબે રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અંબે
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KISAN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com